# SOCIAL PSYCHOLOGY (Ele.-1) Paper-201

## Introduction :

પ્રાચીન સમાજલક્ષી મનોવિજ્ઞાનનું સ્થાન અને સીમાઓ માર્યાદિત હતી, એટલે કે આધુનિક મનોવિજ્ઞાનના વિકાસથી ઘણા દુર હતા. ટૂંકમાં સમાજલક્ષી મનોવિજ્ઞાને આધુનિક મનોવિજ્ઞાનના મધ્ય બિંદુ તરફ ગતિ કરી છે.

આધુનિક સમાજલક્ષી મનોવિજ્ઞાન ક્રિયાશીલ વ્યક્તિના મનને પ્રજ્વલિત કરે છે. અને આપણા સમાજના આત્માને સમૃદ્ધ કરે છે. ટૂંકમાં ચુસ્ત અને નિયંત્રિત પ્રાયોગિક અભ્યાસો તથા ક્ષેત્ર સંશોધનો દ્વારા સમાજલક્ષી મનોવૈજ્ઞાનિકો એ દર્શાવ્યું છે કે વર્તનને પૂર્ણ રીતે સમજવા માટે સંદર્ભ, સમાવેશ અને સંસ્કૃતિની સહાય આવશ્યક છે. વ્યક્તિમાં રહેલા વારસાગત ઘટકો અને તેના ઉછેરના વાતાવરણના ઘટકો વર્તનને પ્રભાવિત કરે છે. આધુનિક સમાજલક્ષી મનોવિજ્ઞાને આ વાત વધુ સ્પષ્ટ કરી છે.

આધુનિક સમાજલક્ષી મનોવિજ્ઞાનનો અભિગમ અને તેના અભ્યાસ વિષયોમાં પણ પરિવર્તન આવ્યું છે. વ્યક્તિ-જૂથ, સામાજીકરણ, મનોવલણો, પૂર્વગ્રહો વગેરે વિષયોનો અભ્યાસ તો સમાજલક્ષી મનોવિજ્ઞાન કરતુ આવ્યું છે. પરંતુ આજનું સમાજલક્ષી મનોવિજ્ઞાન આક્રમકતા, મદદરૂપ થવાનું વર્તન, સામાજિક બોધન તથા સામાજિક પ્રત્યક્ષીકરણ જેવા વિષયોના અભ્યાસનો પણ સમાવેશ થાય છે.

મનોવિજ્ઞાન વર્તનને સમજાવે છે પરંતુ સામાજિક સંદર્ભથી અલગ પાડી કદી સમજી શકાય નહિ આથી સમાજલક્ષી મનોવિજ્ઞાનનો અભ્યાસનો મુખ્ય વિષય વર્તનને સામાજિક સંદર્ભ કે પરિસ્થિતિઓમાં સ્પષ્ટ કરવાનું છે.

## અર્થ :

સમાજલક્ષી મનોવિજ્ઞાન- સમાજમાં વ્યક્તિનું વર્તન કેવું છે ? આ પ્રશ્નનો અભ્યાસ થાય છે. સમાજ એટલે સામાજિક પરિસ્થિતિ.

સામાજિક પરિસ્થિતિ એટલે બે કે તેથી વધુ વ્યક્તિ વચ્ચે જે ઉદ્દીપક પરિસ્થિતિ સર્જાય છે તેને કહે છે. અહીં વ્યક્તિ વ્યક્તિ વચ્ચે તથા વ્યક્તિ જૂથ વચ્ચે પણ આન્તરક્રિયા થાય છે તેનો અહીં અભ્યાસ થાય છે.

વ્યાખ્યાઓ :

(૧)

.

ટૂંકમાં અહીં ત્રણ બાબતો કેન્દ્ર સ્થાને છે.
(1) વ્યક્તિ (૨) આંતરક્રિયા (૩) સામાજિક પરિસ્થિતિ

**(1) વ્યક્તિ :**

સમાજલક્ષી મનોવિજ્ઞાન મુખ્યત્વે વ્યક્તિના વર્તનનો અભ્યાસ કરે છે. એટલે કે વ્યક્તિનું વર્તન જૂથ કે સમાજ અથવા સામાજિક પરિસ્થિતિ કઈ રીતે પ્રભાવિત થાય છે. આ સમાજલક્ષી મનોવિજ્ઞાન નો મુખ્ય મુદ્દો છે. બીજા કેટલાક સામાજિક વિજ્ઞાનો "જૂથને" કેન્દ્રમાં રાખીને અભ્યાસ કરે છે. જેમ કે, સમાજશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર વગેરે.

**(૨) આંતરક્રિયા :**

બે કે તેથી વધુ વ્યક્તિઓ વચ્ચે જે પરસ્પર ક્રિયા – પ્રતિક્રિયા થાય છે તેને આંતરક્રિયા કહે છે. આ બે પ્રકારની છે.

(૧) વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેની (૨) વ્યક્તિ-જૂથ વચ્ચેની.

અહીં એક વ્યક્તિનું વર્તન બીજાને પ્રભાવિત કરે છે. જેમ કે., તમે રસ્તા પરથી પસાર થઇ રહ્યા હો ત્યારે સામેથી આપતી પરિચિત વ્યક્તિ હસીને "ગુડ મોર્નિંગ" બોલે છે, તમે હસીને વળતી પ્રતિક્રિયા કરો છો : ગુડ મોર્નિંગ.

આવી ક્રિયા-પ્રતિક્રિયાને આંતરક્રિયા કહે છે.

**(૩) સામાજિક પરિસ્થિતિ :**

અહીં સામાજિક પરિસ્થિતિમાં ઉદ્ભવતા વ્યક્તિના વર્તનનો અભ્યાસ થાય છે. એક વ્યક્તિનું વર્તન બીજાને પ્રભાવિત કરે છે, અન્ય વ્યક્તિ પ્રભાવિત થાય છે, કે એકબીજાને પ્રભાવિત કરે છે ત્યારે સામાજિક આંતરક્રિયા ઉદ્ભવે છે. ટૂંકમાં વ્યક્તિઓ વચ્ચે પ્રતક્ષ મોઢા-મોઢનો સંપર્ક થાય – કે સંકેતો દ્વારા પણ સંપર્ક થાય તેને સામાજિક પરિસ્થિતિ કહે છે. એટલે કે સામાજિક પરિસ્થિતિમાં જે વર્તન પ્રતીબીમ્બીત થાય છે તે સમાજલક્ષી મનોવિજ્ઞાનનો અભ્યાસનો વિષય બને છે.